
# આંધ્રમાં ત્રાટક્યું 'હુડહુડ' : ૫ નાં મોત

## ૬ કલાકમાં હળવું થશે 'હુડહુડ' : ૨૨૦ કિ.મી.ની ઝડપે વાવાઝોડું ત્રાટક્યું : એનડીઆરએફની ૪૪ ટીમ તૈનાત









ભુવનેશ્વર,તા. ૧૨

વિનાશકારી હુડ હુડ વાવાઝોડુ આજે આખરે ત્રાટકી ગયું હતું જેના કારણે આંધ્ર અને ઓરિસ્સામાં ભારે નુકસાન થયું છે. ઝારખંડમાં પણ માઠી અસર થઇ છે. ચક્રવાતી હુડ હુડ વાવાઝોડાના કારણે ત્રણેય રાજ્યોમાં ભારે નુકસાનની સાથે સાથે વિજળી વ્યવસ્થા ઠપ થઇ ગઇ છે. ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થઇ ગયા છે. ભારે વરસાદ અને પ્રચંડ પવન સાથે વાવાઝોડુ ત્રાટક્યું હતું. સતત ભારે વરસાદ વચ્ચે સાવચેતીના પગલા પહેલાથી જ લેવાયા હતા. આંધ્રપ્રદેશમાં ત્રણ અને ઓરિસ્સામાં બે લોકોના મોતના સમાચાર મળ્યા છે. વિજળી અને દૂરસંચાર સેવા સંપૂર્ણપણે ઠપ થઇ ગઇ છે. હુડ હુડ વાવાઝોડાની સાથે ૧૮૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફુંકાયો હતો અને ભારે વરસાદ થયો હતો જેથી વિશાખાપટ્ટનમ, વિજયાનગરમ, શ્રીકાકુલમ જિલ્લાઓમાં જનજીવન ખોરવાઈ ગયું હતું. આજે બપોર થાય તે પહેલા જ વિશાખાપટ્ટનમમાં ચક્રવાતી વાવાઝોડુ ત્રાટક્યું હતું જેના કારણે ભારે વરસાદ થયો હતો. અનેક વૃક્ષો ધરાશાયી થઇ ગયા હતા. કાંચા મકાનો પડી ગયા હતા. જો કે, મોડેથી વાવાઝોડુ નબળું પડ્યું હતું. આંધ્રપ્રદેશના ચાર જિલ્લાઓમાં ૯૦૦૧૩ લોકોને સુરક્ષિત ખસેડવામાં આવ્યા છે જ્યારે ઓરિસ્સાના દરિયાઈકાંઠાના જિલ્લાઓમાંથી પણ લાખો લોકોને ખસેડવામાં આવ્યા છે. વાવાઝોડાની અસરકારકતા હવે ઘટશે તેવો દાવો દિલ્હીમાં આઈએમડીના મહાનિર્દેશક લક્ષ્મણસિંહ રાઠોડે કર્યો છે. તેમણે કહ્યું છે કે, આગામી ત્રણ દિવસ સુધી હજુ ભારે વરસાદ થશે. છત્તીસગઢ, બિહાર, પૂર્વીય મધ્યપ્રદેશ અને પૂર્વીય ઉત્તરપ્રદેશ તથા પશ્ચિમ બંગાળના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. તેમણે કહ્યું હતું કે, આ રાજ્યોના પ્રધાન સચિવો સાથે સીધો સંપર્ક રાખવામાં આવ્યો છે. આંધ્રમાં ત્રણ અને ઓરિસ્સામાં બે લોકોના મોત થઇ ચુક્યા છે. ત્રણ લોકોના મોત થયા છે જે પૈકી વિશાખાપટ્ટનમ અને શ્રીકાકુલમમાં ક્રમશઃ બે લોકોના વૃક્ષ અને મકાન પડવાના કારણે થયા છે. આની અસર હજુ કલાકો સુધી રહેશે. તેલંગાણા અને દક્ષિણ ઓરિસ્સામાં પણ ભારે નુકસાન થયું છે. જો કે, જાનમાલનું નુકસાન ટળી ગયું છે. આંધ્રપ્રદેશ સરકારે ચાર જિલ્લાઓમાંથી લોકોને ખસેડીને ૩૦૦થી વધુ રાહત કેમ્પોમાં ગોઠવ્યા હતા. આંધ્રપ્રદેશ અને ઓરિસ્સા બંનેમાં અસરગ્રસ્તોને પહેલાથી જ ખસેડી લેવામાં આવ્યા હતા. આંધ્રના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ સચિવાયલથી પરિસ્થિતિ ઉપર નજર રાખી રહ્યા હતા. તીવ્ર પવનના પરિણામ સ્વરુપે સુરક્ષાના હેતુસર ઓરિસ્સામાં પણથી હજારો લોકોને ખસેડી લેવામાં આવ્યા હતા. એનડીઆરએફ, ઓડીઆરએફની ટીમ ગોઠવવામાં આવી હતી. સેનાની ટીમો અને હેલિકોપ્ટરો પણ તૈયાર રાખવામાં આવ્યા હતા. ભુવનેશ્વરમાં મુખ્યમંત્રી પટનાયકે કહ્યું હતું કે, ૬૮૦૦૦ લોકોને ખસેડવામાં આવ્યા છે. ગંજામ, ગજપતિ, કોરાપુત, પુરી, કાલાહાન્ડી અને કેન્દ્રપાડામાં સૌથી વધારે નુકસાન થયું છે. અસરગ્રસ્ત લોકોને ૬૦૪ રાહત કેમ્પોમાં રાખવામાં આવ્યા છે.

### આંધ્ર-ઓરિસ્સાને પુરતી મદદ કરવા કેન્દ્રનું વચન

નવીદિલ્હી,તા. ૧૨

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે આજે હુડ હુડ વાવાઝોડા બાદ ઉભી થયેલી પરિસ્થિતિને પહોંચી વળવા તમામ પ્રકારની મદદ કરવાની ઓરિસ્સા અને આંધ્રપ્રદેશના મુખ્યમંત્રીને ખાતરી આપી હતી. રાજનાથસિંહે બંને રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે ફોન પર વાત કરી હતી અને વિસ્તૃત માહિતી મેળવી હતી. રાજનાથસિંહે કહ્યું હતું કે, બંને રાજ્યોને કેન્દ્ર તરફથી પુરતી મદદ આપવામાં આવી રહી છે. હુડ હુડ વાવાઝોડું આજે બપોરે ત્રાટકી ગયું હતું જેના કારણે બંને રાજ્યોમાં ભારે નુકસાન થયું છે. બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુને પુરતી મદદ કરવાની ખાતરી આપી હતી. ઓરિસ્સાના મુખ્યમંત્રીને પણ મોદીએ તમામ મદદ કરવાની ખાતરી આપી છે. જીવનજરૂરી ચીજવસ્તુઓ માટે વિશેષ ટ્રેનો પણ દોડાવવામાં આવી છે. આઈએમડીના અધિકારીઓનું કહેવું છે કે, વાવાઝોડાના કારણે ભારે નુકસાન થયું છે પરંતુ મોટી ખુવારી થઇ નથી. કારણ કે પહેલાથી જ સાવચેતી રાખવામાં આવી હતી.

# પાકિસ્તાન દ્વારા ફરી સરહદ ઉપર ગોળીબાર : ત્રણ ઘાયલ

જમ્મુ,તા. ૧૨

શાંતિના ટુકા ગાળા બાદ પાકિસ્તાની સેના દ્વારા ફરી એકવાર યુદ્ધવિરામનો ભંગ કરીને જોરદાર ચોકીઓને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કરવામાં આવ્યા બાદ તૈનાત ભારતીય જવાનોએ જોરદાર જવાબી કાર્યવાહી કરી હતી. જેના લીધે



ગોળીબાર કરવામાં આવ્યો છે. જેમાં ત્રણથી વધુ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ મળ્યા છે. જમ્મુ જિલ્લાના આરએસ પુરા અને અરનિયા સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબાર અને તોપમારામાં કોઇ ખુવારી થઇ નથી પરંતુ સરહદી વિસ્તારોમા ંરહેતા લોકોને ભારે તકલીફ પડી રહી છે. આંતરરાષ્ટ્રીય સ રહદ પર બીએસએફની ૧૫ કલાકો સુધી ગોળીબારની રમઝટ જારી રહી હતી. છેલ્લા કેટલાક દિવસથી બન્ને દેશો વચ્ચે ગોળીબાર જારી રહ્યો છે. જના કારણે બન્ને દેશોના ૧૭ લોકોના મોત થયા છે. સેંકડો લોકો ઘાયલ થયા છે.

દશકમાં સૌથી ભીષણ ગોળીબાર તરીકે હાલના સમયના ગોળીબારને ગણવામાં આવે છે. જો કે ૧૯૨ કિમી આતરરાષ્ટ્રીય સરહદ પર સ્થિતી પ્રમાણમાં શાંત છે. બન્ને દેશો વચ્ચે વર્ષ ૨૦૦૩માં યુદ્ધવિરામની સમજુતી થઇ હતી. સુરક્ષા સાથે જોડાયેલા લોકોનુ કહેવુ છે કે દિવાળી સુધી પાકિસ્તાન ગોળીબાર જારી રાખી શકે છે. નવ દિવસ સુધી યુદ્ધવિરામનો સતત ભંગ થયા બાદ ગુરૂવાર બાદથી એલઓસી પર શાંતિ હતી. પરંતુ શનિવાર રાતથી પાકિસ્તાને ફરીએકવાર ગોળીબાર શરૂ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, છઠ્ઠી ઓક્ટોબર બાદથી જમ્મુ પ્રદેશમાં અંકુશરેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં આઠ લોકોના મોત થયા છે અને ૬૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ગુરુવારે રાત્રે છેલ્લે પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. આજે ફરી એકવાર યુદ્ધવિરામનો ભંગ કરીને જટિલ સ્થિતિ સર્જી છે. પાકિસ્તાની સૈનિકોએ પૂંચમાં કરેલા ગોળીબારનો યોગ્ય જવાબ આપવામાં આવ્યો છે. ભારતીય સૈનિકો હાલમાં ખુબ જ સાવધાન થયેલા છે. પહેલી ઓક્ટોબર બાદથી આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ડઝનથી વધુ વખત યુદ્ધવિરામનો ભંગ કરવામાં આવ્યો છે.

# IRNSS-૧સી લોંચ માટે આજે કાઉન્ટડાઉન શરૂ થશે

ચેન્નાઈ,તા. ૧૨

ભારતના નેવિગેશન સેટેલાઈટ આઈઆરએનએસએસ-૧સીના લોંચ માટે કાઉન્ટ ડાઉન આવતીકાલે શરૂ થશે. શ્રીહરિકોટા ખાતે સવારે ૬.૩૨ વાગે મિશન માટે ૬૭ કલાકનુ કાઉન્ટ ડાઉન શરૂ થઇ જશે. આ શ્રેણીમાં સાત સેટાલાઈટ પૈકીના ત્રીજા માટે લોંચને લઇને ભારે ઉત્સુકતા પ્રવર્ત રહી છે. અગાઉ છઠ્ઠી ઓક્ટોબરના દિવસે લોંચની યોજના હતી પરંતુ ટેકનિકલ ખામીના કારણે આને મોકુફ રાખવાનો નિર્ણય કરાયો હતો. ઈસરો દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવી છે. અમેરિકાના ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમની જેમ જ પ્રાદેશિક નેવિગેશનલ સિસ્ટમ સ્થાપિત કરવાની તૈયારી હાથ ધરવામાં આવી છે જેના ભાગરૂપે જ ઈસરો પણ ઈન્ડિયન રિજિઓનલ નેવિગેશનલ સેટેલાઈટ સિસ્ટમ (આઈઆરએનએસએસ)માં સ્થાપિત કરવા માટે સાત સેટેલાઈટ મોકલનાર છે. સાત સેટેલાઈટ શ્રેણીના ત્રીજા સેટેલાઈટને હવે લોંચ કરવામાં આવનાર છે. ઈસરોના વૈજ્ઞાનિકો ભારે આશાવાદી બનેલા છે. આ સિરિઝમાં પ્રથમ બે સેટેલાઈટ આઈઆરએનએસએસ ૧એ અને આઈઆરએનએસએસ ૧બી પહેલાથી જ લોંચ કરવામાં આવી ચુક્યા છે.આ બન્ને સેટેલાઈટ ક્રમશ લોંચ કરવામાં આવ્યા હતા. પ્રથમ સેટેલાઈટ વર્ષ ૨૦૧૩માં અને બીજા સેટેલાઈટને આ વર્ષે ચોથી એપ્રિલના દિવસે લોંચ કરવામાં આવ્યા હતા.ઈસરોના અધિકારીએ કહ્યું છે કે ઈસરોને આઈઆરએનએસએસના ઓપરેશનને શરૂ કરવા માટે સાત સેટેલાઈટ પૈકી ઓછામાં ઓછા ચાર સેટેલાઈટ લોંચ કરવાની જરૂર છે. ભારત દ્વારા વિકસિત કરવામાં આવેલા આમાં અતિ આધુનિક સાધનો રહેલા છે. ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો) હવે શ્રીહરિકોટાના સ્પેશસોર્ટ પરથી આઈઆરએનએસએસ ૧સી સેટેલાઈટ લોચ કરનાર છે. ઈસરો પણ અમેરિકાની જેમ જ તેની પોતાની નેવીગેશન સિસ્ટમમાં સાત સેટેલાઈટ પૈકી ત્રીજા સેટેલાઈટને લોન્ચ કરશે. અગાઉ બે સેટેલાઈટ લોન્ચ કરવામાં આવી ચુક્યા છે. આઈઆરએનએનએસ અમેરિકાના ગ્લોબલ પોજીસનીંગ સિસ્ટમ, રશિયાના ગ્લોનાસ અને યુરોપના ગેલીલેનોની જેમ જ છે. જાપાન અને ચીન પણ આવી જ વ્યવસ્થા ધરાવે છે. આની તમામ તૈયારી કરવામાં આવી રહી છે.

**આગામી મહિનામાં ટ્રેનને લીલીઝંડી મળશે**

# દિલ્હી-આગરા સેમી હાઈસ્પીડ ટ્રેનનુ નામ ગતિમાન એક્સપ્રેસ

નવી દિલ્હી,તા. ૧૨

દિલ્હી-આગ્રા વચ્ચે દોડનાર સેમી હાઈ સ્પીડ ટ્રેનનુ નામ નક્કી કરી લેવામાં આવ્યું છે. પ્રાપ્ત અહેવાલ મુજબ દિલ્હી અને આગ્રા વચ્ચે પ્રવાસના સમયને ઘટાડી દેતી આ સેમી હાઈ સ્પીડ ટ્રેનનુ નામ ગતિમાન એક્સપ્રેસ રાખવામાં આવનાર છે. દરેક સીટની પાછળ એલસીડી ટીવી ગોઠવેલા રહેશે. સાથે સાથે ઈમરજન્સી બ્રેકિંગ સિસ્ટમ પણ રહેશે. આગામી મહિને નવી દિલ્હીના રેલવે સ્ટેશનથી લીલીઝંડી આ ટ્રેનને આપવામાં આવનાર છે. ટ્રેનનુ નામ વ્યાપક વિચારણા કર્યા બાદ પસંદ કરવામાં આવ્યું છે. આ ટ્રેન ૧૬૦ કિલોમીટર પ્રતિ ક્લાકની ઝડપી દોડશે. જે ભારતીય રેલવેની હજુ સુધીની સૌથી વધારે ગતિ રહેશે. રેલવે મંત્રાલયના વરિષ્ઠ અધિકારીએ વિગત આપતા કહ્યું છે કે તેની ઝડપ તમામ ભારતીય ટ્રેનો કરતા વધારે રહેશે. ખુબ આરામદાયક બેઠક વ્યવસ્થા આની અંદર રહેશે. દરેક સીટની પાછળ આઠ ઈંચના એલસીડી ટીવી સ્ક્રીન રહેશે. ઈમરજન્સી બ્રેકિંગ સિસ્ટમની સાથે ઓટોમેટિક ફાયર એલાર્મ રહેશે. પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ પણ રહેશે. શરૂઆતના દિવસોમાં ગતિમાન એક્સપ્રેસના યાત્રીને માત્ર પહેલા જ નોંધવામાં આવેલા કાર્યક્રમ જોવાની તક મળશે. જો કે મોડેથી લાઈવ ફીડ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. રેલવેની પ્રથમ સેમી હાઈ સ્પીડ સર્વિસ તાજ મહેલની યાત્રાએ જતા લોકોને ધ્યાનમાં લઈને શરૂ કરવામાં આવી રહી છે. પ્રવાસીઓને પ્રોત્સાહન આપવા માટે આ ટ્રેન સેવા શરૂ કરવામાં આવનાર છે. રેલવે બોર્ડના ચેરમેન અરુણેન્દ્ર કુમારે વિગત આપતા કહ્યું છે કે આગામી મહિનાથી સેમી હાઈ સ્પીડ ટ્રેન દોડાવવા માટે કમીશનર રેલવે સેફ્ટી પાસેથી સુરક્ષા સાથે સંબંધિત પ્રમાણપત્ર મેળવી લેવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. તમામ જરૂરી તૈયારી કરી લેવામાં આવી છે. ટ્રેનને ક્યારેય લીલીઝંડી આપવામાં આવસે તે અંગે પુછવામાં આવતા તેમણે કહ્યું હતું કે સેફ્ટી પ્રમાણપત્ર મળી ગયા બાદ તારીખ નક્કી કરવામાં આવનાર છે. જો કે ટ્રેન ૩૦મી નવેમ્બર પહેલા દોડતી થઈ જશે. રેલવે દ્વારા પહેલા જ ટ્રેનના બે ટ્રાયલ યોજ્યા છે. રૂટ પરના તમામ વિસ્તારમાં વાડ જેવી તમામ વ્યવસ્થા અને સિગ્નલિંગ સિસ્ટમને અપગ્રેડ કરવામાં આવી છે. ૫૪૦૦ એચપી ઈલેક્ટ્રીક લોકોમોટિવ સાથે સજ્જ આ ટ્રેનની મહત્તમ ગતિ ૧૬૦ કિલોમીટર પ્રતિ કલાકની રહેશે. આશરે ૧૦૫ મિનિટમાં જ ૨૦૦ કિલોમીટરના અંતરને આ ટ્રેન કાપી લેશે. ટ્રેન માટે કપુરથલા ખાતે રેલ કોચ પેક્ટરીમાં તૈયાર કરવામાં આવેલા ૧૪ નવા એસી કોચ રહેશે. ૧૨ કોચ ડેલી ઉપયોગ માટે રહેશે. જ્યારે બે સ્પેરમાં રાખવામાં આવશે ટ્રેનમાં એક્ઝીક્યુટીવ ક્લાસ અને ચેર કાર કેટેગરીની સીટો રહેશે. કેટરિંગ સુવિધા પણ રહેશે. રેલવે આવી જ ટ્રેનો દિલ્હીથી કાનપુર અને દિલ્હીથી ચંદીગઢ વચ્ચે પણ ચલાવવાની યોજના ધરાવે છે.

### બીપીએલ કેટેગરીને મફત દવાઓ આપવા હિલચાલ

નવીદિલ્હી, તા. ૧૨

નરેન્દ્ર મોદી સરકાર મફત દવાઓ અને બીપીએલ રેશનકાર્ડના આધાર ઉપર સ્પેશિયાલિટી સરકારી હોસ્પિટલોમાં મફત ચેકઅપ જેવી સુવિધાઓ ગરીબોને મળે તેની ખાતરી કરવા કામ કરી રહી છે. બીપીએલ ટેકેટગરીને મફતમાં દવાઓ મળે તેવી શક્યતા છે. જ્યારે પીડીએસને ટેક્સ ચુકવણીમાંથી બાકાત કરવામાં આવશે. નવી હિલચાલ ઉપર છેલ્લા કેટલાક દિવસથી ચર્ચા ચાલી રહી છે.


મળેલી માહિતી મુજબ મોદી સરકાર ગરીબ અને વંચિત લોકોને વધુ સુવિધાઓ તબીબી ક્ષેત્રે મળે તે માટે પ્રયત્નશીલ દેખાઈ રહી છે. કેન્દ્રીય ખાદ્યાન્ન પ્રધાન રામવિલાસ પાસવાને આજે માહિતી આપતા કહ્યું હતું કે, અમે ગરીબી રેખા નીચેના વર્ગના લોકોને મફતમાં દવાઓ જેવી સુવિધાઓ મળે તે દિશામાં આગળ વધી રહ્યા છે. રેશનિંગ કાર્ડના આધાર પર તમામ સુવિધાઓ આપવામાં આવે તેવા પ્રયાસ થઈ રહ્યા છે. એક મુલાકાતમાં તેમણે કહ્યું હતું કે, ગરીબ લોકો સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. ખાસ કરીને એવા રાજ્યોમાં વધુ સમસ્યા સર્જાઈ છે જ્યાં નવા ખાદ્યાન્ન કાયદા અમલી બન્યા છે પરંતુ અન્ય લાભ માટે આઈડી કાર્ડ તરીકે નવા રેશનિંગ કાર્ડને ગણવા હિલચાલ ચાલી રહી છે.

**નરેન્દ્ર મોદી અને ભાજપ નેતાઓ ઉપર પ્રહારો**

# મહારાષ્ટ્ર ગુજરાત કરતા ખુબ આગળ છે : રાહુલ

રામટેક, તા. ૧૨

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ પણ મહારાષ્ટ્રમાં આજે આક્રમક પ્રચાર કરીને મોદી સરકાર ઉપર આકરા પ્રહારો કર્યા હતા. રાહુલે કહ્યું હતું કે, મહારાષ્ટ્ર ગુજરાતથી ખુબ આગળ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના નેતાઓ દ્વારા કરવામાં આવેલા દાવાઓને ફગાવતા રાહુલે કહ્યું હતું કે, મહારાષ્ટ્ર વિકાસના મોરચે ગુજરાતથી ખુબ જ આગળ છે. મહારાષ્ટ્રના નાગપુર જિલ્લામાં રામટેક ખાતે આયોજિત એક રેલીને સંબોધતા તેમણે આ મુજબની વાત કરી હતી. રાહુલે કહ્યું હતું કે, ભાજપના



નેતાઓ કહે છે કે, અમે ૬૦ વર્ષ દરમિયાન કંઇ કામ કર્યું નથી. કામ વગર દેશમાં આર્થિક પ્રગતિ શક્ય નથી. રાહુલે કહ્યું હતું કે, કેટલાક લોકો ગાંધીના નામનો ઉપયોગ કરી રહ્યા છે પરંતુ તેમનું વર્તન મહાત્મા ગાંધી કરતા બિલકુલ અલગ પ્રકારનું છે. મોદી ઉપર પ્રહાર કરતા રાહુલે કહ્યું હતું કે, મૂર્તિ પૂજા કરતા વિચારધારાની પૂજા વધારે મહત્વપૂર્ણ રહેલી છે. રાહુલે અન્ય મુદ્દાઓ ઉપર પણ આકરા પ્રહારો કર્યા હતા. રાહુલે ૧૧૮ દવાઓની કિંમતોમાં વધારાના મુદ્દે મોદી સરકાર ઉપર પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, કેન્સર સહિતની જીવન રક્ષક દવાઓ વધુ મોંઘી થઈ ગઈ છે. ચીની પ્રમુખ સમક્ષ પણ મોદીએ શરણાગતિ સ્વીકારી હતી. જ્યારે ચીની સૈનિકો ભારતમાં પ્રવેશ કરી રહ્યા હતા ત્યારે મોદી ચીની પ્રમુખ સાથે ઝુલા ઉપર ઝુલી રહ્યા હતા. રાહુલે કહ્યું હતું કે, અમારી રાજનીતિના કારણે ૩૦ લાખ લોકોને રોજગારી મળશે. યુપીએની સિદ્ધિઓની તેમણે વાત કરી હતી. વિદેશી બેંકોમાં પડેલા કાળા નાણાને પરત લાવવા આપવામાં આવેલા વચનો મોદી સરકારે પાળ્યા નથી. સત્તામાં આવ્યાના ૧૦૦ દિવસની અંદર કાળા નાણાંને પરત લાવવાની મોદીએ વાત કરી હતી. પૃથ્વીરાજ ચવાણને મુખ્યમંત્રી તરીકે પ્રોજેક્ટ કરતા રાહુલે કહ્યું હતું કે, અમારા સીએમ ક્લિન ઈમેજ ધરાવે છે.

### સંઘ દ્વારા આગરા ખાતે કેમ્પનું આયોજન કરાયું

લખનૌ,તા.૧૨

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે ઉત્તરપ્રદેશમાં ત્રણ દિવસના કેમ્પ મારફતે મોટાપાયે યુવાનોને આકર્ષિત કરવાની યોજના તૈયાર કરી લીધી છે. આગરામાં નવેમ્બર મહિનામાં ત્રણ દિવસ માટે કેમ્પ યોજાનાર છે. આરએસએસના વડા મોહન ભાગવત પણ આમા ભાગ લેશે. સંઘની વિચારધારા અંગે ક્લાસ મારફતે આ યુવાનોને શિક્ષણ આપવામાં આવશે. આરએસએસ ઓછામાં ઓછા ૫૦૦૦ વિદ્યાર્થીઓને એકત્રિત કરવાની યોજના ધરાવે છે. લોકસભા ચૂંટણીમાં નરેન્દ્ર મોદીને મોટી સંખ્યામાં યુવાનોએ સાથ આપ્યો હતો. યુવા શક્તિને જાળવી રાખવા માટે આરએસએસે તેની યોજના તૈયાર કરી લીધી છે. હજુ સુધી સંઘ દ્વારા ભાજપની વિદ્યાર્થી પાંખ એબીવીપી અથવા વિભાગના સ્તરે સંપર્ક કરવામાં આવતો હતો પરંતુ હવે નવી યોજના મુજબ સંઘના લોકો આક્રમક દેખાઈ રહ્યા છે. આગરામાં આયોજિત ત્રણ દિવસીય કેમ્પની તૈયારી હાથ ધરવામાં આવી ચુકી છે. સંઘની વ્યૂહરચનાને યુવાનો સારી રીતે સમજે તેનો મુખ્ય હેતુ રાખવામાં આવ્યો છે.

# મુકેશ અંબાણીના ટ્વિન્સ હવે બોર્ડ ડિરેક્ટર બન્યા

મુંબઈ, તા. ૧૨

રિલાયન્સ ઈન્ડસ્ટ્રી લિમિટેડના ચેરમેન મુકેશ અંબાણીના બાળકો પુત્ર આકાશ અને પુત્રી ઈશા બોર્ડ ડિરેક્ટરોમાં સામેલ થઈ ગયા છે. રિલાયન્સ રિટેલ અને રિયાલન્સ જીઓ ઈન્ફોકોમના બોર્ડમાં ડિરેક્ટરો તરીકે બંને સામેલ થઈ ગયા છે. બંને કંપનીઓની બોર્ડ મિટિંગમાં ડિરેક્ટર તરીકે તેમને સામેલ કરવામાં આવી ચુક્યા છે. બંને કંપનીઓ ૭૫૦૦૦ કરોડથી વધુની બ્રાન્ડ વેલ્યુ ધરાવે છે. રિલાયન્સમાં પણ નવી પેઢીની એન્ટ્રી થઈ રહી છે. મુકેશ




અંબાણીના પત્નિ નીતા અંબાણીને આ વર્ષે શરૂઆતમાં રિલાયન્સ બોર્ડમાં સામેલ કરવામાં આવ્યા હતા. સાયકોલોજી અને સાઉથ એશિયન અભ્યાસમાં યાલેમાંથી ગ્રેજ્યુએટ થયેલી ઈશા ખુબ જ કુશળ કારોબારી તરીકે છે. જ્યારે આકાશ ઈકોનોમિક્સમાં ડિગ્રી સાથે બ્રાઉન યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ થયો છે. રિયાલન્સ જીઓમાં ડિઝિટલ સર્વિસ એપ્લિકેશન અને પ્રોડક્ટના વિકાસમાં તે સામેલ રહ્યો છે. ભવિષ્યમાં આઈઆરએલ બોર્ડમાં વધુ ફેરફાર થઈ શકે છે. આરઆઈએલની સંપૂર્ણમાલિકીની કંપનીઓની બ્રાન્ડ વેલ્યુ સતત વધી રહી છે. હાલમાં ટોચના ઉદ્યોગપતિઓના પરિવારના સભ્યો બિઝનેસમાં એન્ટ્રી કરી રહ્યા છે. ભારતીય કંપનીઓ મોટાભાગે તેમના પરિવારના સભ્યોને બિઝનેસમાં આગળ વધારી રહી છે. મોદી ગ્રુપ, યશ બિરલા ગ્રુપ, મફતલાલ ગ્રુપ, ઈન્ફોસિસ જેવી કંપનીઓમાં આવી સ્થિતિ રહેલી છે. ઈશા આરઆઈએલ ગ્રુપની બોર્ડમાં સામેલ કરવામાં આવે તે પહેલા મેકેન્સિએન્ડ કંપનીના ન્યુયોર્ક ઓફિસમાં બિઝનેસ નિષ્ણાત તરીકે હતી. હવે તે પોતાની કંપનીમાં વિશેષ જવાબદારી સંભાળશે. નવી પેઢી વચ્ચે હવે કારોબારી ક્ષેત્રમાં સ્પર્ધા જામે તેમ પણ માનવામાં આવે છે.

## સમાચાર ઝલક

- ગુજરાતમાં જન્મેલા નાદિર પટેલ ભારતમાં કેનેડાના હાઈ કમિશનર.
- વેટના ટ્રક ટ્રાન્સપોર્ટ ફોર્મમાં ફેરફાર કરાશે.
- ઓઢવ સ્થિત નારી સંરક્ષણ ગૃહની અસ્થિર મગજની ૩૫ સ્ત્રીઓ એક માત્ર સ્વિપરનાં ભરોસે.
- રામોલના ૩ વર્ષના ગુમ બાળકનું વોટ્સએપના લીધે મિલન.
- ગુજરાત સરહદેથી આતંકીઓની ઘૂસણખોરીની શંકા, બીએસએફ એલર્ટ.
- વિરોધ પક્ષના નેતાની ચિમકી : જામનગરમાં ૮ દિવસમાં સીટી બસ સેવા ચાલુ નહીં થાય તો મેયરની ચેમ્બર સામે આંદોલન.
- ડુંગળીના ભાવમાં કિલોએ હજુ પાંચ રૂપિયાનો ઘટાડો થશે.
- અમદાવાદના તમામ રોડનું રિસરફેસિંગ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરી નખાશે.
- મહાત્મા ગાંધીના તમામ પુસ્તકો હવે ઓન લાઈન વાંચી શકાશે.
- હવે ભારતના નાગરિકોને અપાશે ઈ પાસપોર્ટ. પાસપોર્ટમાં ઈલેક્ટ્રોનીક ચીપ ફીટ કરાશે.